### વડિલ નાગરિકની કાર પર પથ્થરમારા સામે બુહારીના લોકોમાં ભારે રોષ જોવા મળ્યો

# પથ્થરમારા સામે બુહારી સજ્જડ બંધ

**આ મામલે** મુકેશ સોની અને જિગ્નેશ ભંડારી સામે બુહારીના ઉપસરપંચ સૂરજ દેસાઈ દ્વારા હાઈકોર્ટમાં મામલો લઈ જવાયો હતો

**પોલીસે** કાર્યવાહી કરતાં પાર્થ મુકેશ સોની દ્વારા બુહારીના ઉપસરપંચ સૂરજ દેસાઈના પિતા સત્યજીત દેસાઈની કાર પર પથ્થરમારો કરાયો



બુહારી: બુહારી ગ્રા.પં.ની જાહેર જગ્યામાંથી પેવર બ્લોક ઉખેડી લઈ જવા મામલે હાઈકોર્ટના હસ્તક્ષેપ બાદ હવે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. આથી બુહારીમાં ભારે રોષ જોવા મળ્યો છે.

બુહારી ગ્રામ પંચાયતની જાહેર જગ્યામાંથી પેવર બ્લોક ઉખેડી લઈ જવામાં આવ્યા હોવાના મામલે મુકેશ ઈશ્વર સોની અને જિગ્નેશ ઈશ્વર ભંડારી વિરુદ્ધ બુહારીના ઉપસરપંચ સુરજ દેસાઈ દ્વારા મે મહિનામાં વાલોડ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરાઈ હતી. આ અંગે તાપી જિલ્લા પોલીસ અધિક્ષક સમક્ષ પણ રજૂઆત કરાઈ હતી. છતાં લાંબા સમય સુધી અસરકારક કાર્યવાહી ન થતાં મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. બાદ હાઈકોર્ટે તાપી જિલ્લા પોલીસ અધિક્ષક તથા વાલોડ પોલીસને જરૂરી કાર્યવાહી કરવા દિશાનિર્દેશ આપ્યા હતા.

હાઈકોર્ટના નિર્દેશના અનુસંધાને ગઈકાલે વાલોડ પોલીસે ફરિયાદી તરીકે બુહારીના ઉપસરપંચ સુરજ દેસાઈનું નિવેદન નોંધ્યું હતું. બાદ પેવર બ્લોક મામલે આરોપી તરીકે જણાવવામાં આવેલા મુકેશ સોની અને જિગ્નેશ ભંડારીના નિવેદનો પણ લેવાયાં હતાં. બાદ વાલોડ પોલીસ ટીમે બંનેના રહેઠાણ ખાતે જઈને ત્યાં રહેલા પેવર બ્લોકની માપણી, સ્થળ તપાસ, સ્થિતિનું નિરીક્ષણ તથા પંચનામાની કાર્યવાહી કરી હતી. બાદ મામલો વધુ ગંભીર બન્યો છે. પેવર બ્લોક મામલે પોલીસ કાર્યવાહી બાદ અદાવત રાખી હુમલો કરાયાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે.

ફરિયાદ મુજબ, બુહારીના રહેવાસી પાર્થ મુકેશ સોની દ્વારા બુહારીના ઉપસરપંચ સુરજ દેસાઈના પિતા સત્યજીતભાઈ દેસાઈ, જેઓ વરિષ્ઠ નાગરિક છે, તેમની કાર પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. સત્યજીતભાઈ દેસાઈ પોતાની સંસ્થા માનવ કલ્યાણ ટ્રસ્ટના કાર્ય બાદ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે તેમના જણાવ્યા મુજબ, પાર્થ મુકેશ સોનીના ઘર નજીકથી પથ્થરમારો કરવામાં આવ્યો અને તેમની કારને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થયો. આ ઘટનામાં કોઈ વ્યક્તિને ગંભીર ઈજા ન થાય તે સદભાગ્યની બાબત છે, પરંતુ વરિષ્ઠ નાગરિકની કાર પર જાહેર માર્ગ પર થયેલા કથિત પથ્થરમારાની ઘટનાને લઈને બુહારીમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો.

### બુહારીમાં ચક્કાજામ: મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઊતર્યા

આ ઘટનાની જાણ થતાં બુહારી ગામ અને આસપાસની વસ્તીના લોકોએ સ્ટેટ હાઇવે પર ચક્કાજામ કરી આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. લોકોમાં મુખ્ય માંગ હતી કે કોઈપણ વ્યક્તિ કાયદો પોતાના હાથમાં ન લે અને સામાન્ય નાગરિકો તથા વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે.

### "બુહારીની શાંતિ જળવાય, પરંતુ અન્યાય સહન નહીં થાય": સૂરજ દેસાઈ

બુહારીના ઉપસરપંચ સુરજ દેસાઈએ જણાવ્યું હતું કે, સમગ્ર મામલે તેમનો હેતુ કોઈ વ્યક્તિ સાથે વ્યક્તિગત સંઘર્ષ કરવાનો નથી, પરંતુ ગ્રામ પંચાયતની જાહેર મિલકતનું રક્ષણ અને કાયદાનું પાલન થાય તે સુનિશ્ચિત કરવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, તેમના પિતા જેવા વરિષ્ઠ નાગરિક સામે જો કોઈ વ્યક્તિ કાયદો હાથમાં લેવાનો પ્રયાસ કરે તો તે અત્યંત ગંભીર બાબત છે. સમગ્ર મામલે તેઓ કાયદાકીય માર્ગે જ આગળ વધશે અને પોલીસ-વહીવટીતંત્ર પાસે નિષ્પક્ષ તપાસ તથા કાયદા મુજબની કાર્યવાહી કરવાની માંગ કરશે. બુહારીની જનતાની એક જ માંગ છે – કાયદો સૌ માટે સમાન હોવો જોઈએ અને કોઈપણ વ્યક્તિ કાયદાથી ઉપર નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### નિઝરમાં શ્રી આર.જી.પટેલ વિદ્યાલયના છાત્રાલયમાંથી નાગનું રેસ્ક્યુ



કુકરમુંડા: નિઝરની શ્રી આર.જી.પટેલ વિદ્યાલયની કન્યા છાત્રાલયમાં નાગ દેખાતાં વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં ચિંતા ફેલાઈ હતી. નાગ હોવાની જાણ થતાં સ્થાનિક સ્નેક રેસ્ક્યુઅર દિલીપ પાડવીને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં દિલીપ પાડવી તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા અને સુરક્ષિત રીતે નાગનું રેસ્ક્યુ કર્યું હતું. રેસ્ક્યુ બાદ નાગને માનવ વસાહતથી દૂર તેના કુદરતી રહેઠાણમાં મુક્ત કરવામાં આવ્યો હતો. સ્નેક રેસ્ક્યુઅર દિલીપ પાડવીએ જણાવ્યું હતું કે, સાપ કે અન્ય કોઈ વન્યજીવ દેખાય ત્યારે ગભરાઈને તેને મારવાને બદલે તાત્કાલિક સ્થાનિક રેસ્ક્યુઅર અથવા વન વિભાગનો સંપર્ક કરવો જોઈએ.

### સુરત-તાપી જિલ્લામાં કૃષિ વીજ પુરવઠો 8થી વધારીને 10 કલાક કરાયો



માંડવી: દક્ષિણ ગુજરાતના સુરત અને તાપી જિલ્લાના ખેડૂતોની સિંચાઈ અને વીજ પુરવઠા સંબંધિત સમસ્યાઓને ધ્યાને રાખીને સ્થાનિક ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ દ્વારા સરકાર સમક્ષ કરાયેલી રજૂઆત સફળ રહી છે. ખેડૂતોના હિતને પ્રાથમિકતા આપીને હવે ખેતીવાડી વીજ પુરવઠો દૈનિક 8 કલાકથી વધારીને 10 કલાક કરવાનો નિર્ણય લેવાયો છે. વીજ પુરવઠામાં 2 કલાકનો વધારો થતાં બંને જિલ્લાના હજારો ધરતીપુત્રોને મોટી રાહત મળશે અને સિંચાઈની સુવિધા સુદ્રઢ બનશે. સરકારના આ ખેડૂતલક્ષી નિર્ણયથી સમગ્ર પંથકના ખેડૂતોમાં વ્યાપક હર્ષની લાગણી ફેલાઈ છે.

### સોનગઢમાં ગણેશ મૂર્તિઓનું વિતરણ



સોનગઢ: લોકમાન્ય તિલક દ્વારા સ્વતંત્રતા આંદોલન દરમિયાન હિન્દુ સમાજને એકજૂટ કરવા અને ગણેશ ભક્તિના માધ્યમથી સંગઠન શક્તિ ઊભી કરવાના હેતુથી શરૂ કરાયેલા સાર્વજનિક ગણેશ ઉત્સવની પરંપરા આજે દેશભરમાં ધામધૂમથી ઉજવાય છે. ત્યારે સોનગઢના હિન્દુ સમાજ તેમજ વિવિધ ગણેશ મંડળોના સંયુક્ત ઉપક્રમે ગણેશજીની મૂર્તિ વિતરણનો ભવ્ય કાર્યક્રમ તા.૧૧/૯/૨૦૨૬ ને શુક્રવારના રોજ સોનગઢના પવિત્ર ગાયત્રી મંદિરે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉદાર દાતાઓ અને વિવિધ મંડળોના હોદ્દેદારોના હસ્તે ગ્રામ્ય વિસ્તારોના ગણેશ ભક્તોને મૂર્તિઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### નિઝર અને કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

કુકરમુંડા: ગણેશ ઉત્સવ-૨૦૨૬ને અનુલક્ષીને નિઝર અને કુકરમુંડા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને બેઠકો નાયબ પોલીસ અધિક્ષક આઈ.એન.પરમાર, નિઝર વિભાગ, નિઝરની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં નિઝર, કુકરમુંડા તથા આસપાસનાં ગામોના વિવિધ ગણપતિ મંડળોના આયોજકો તેમજ હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આગામી ગણેશ ઉત્સવ દરમિયાન શાંતિ, સૌહાર્દ અને કોમી એકતા જળવાઈ રહે એ માટે પોલીસ અધિકારીઓ દ્વારા ઉપસ્થિત આયોજકો અને આગેવાનોને જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ખરો ધંધો છે! વરેલીમાં માત્ર ૧૦ પાસ યુવાને ક્લિનિક ખોલી નાંખ્યું

પલસાણા: સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. પોલીસે પલસાણાના વરેલી ગામમાં દરોડો પાડીને મેડિકલ ડિગ્રી વગર ગેરકાયદે રીતે ક્લિનિક ચલાવતા એક ડુપ્લિકેટ ડોક્ટરને ઝડપી લીધો છે. એસ.ઓ.જી. ટીમ કડોદરા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે વરેલીમાં 'લક્ષ્મી ક્લિનિક' નામે ડિગ્રી વગર દવા-ઈન્જેક્શન આપતા ઈસમ અંગે બાતમી મળી હતી.

પોલીસે તલોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.શાન્તનુ રામાનુજને સાથે રાખી દરોડો પાડતાં શાંતો મનીમોહન રોય (ઉ.વ.૨૪) (મૂળ-પશ્ચિમ બંગાળ) નામનો ઈસમ ઝડપાઈ ગયો હતો.

તેની પૂછપરછમાં સામે આવ્યું કે તે માત્ર ધોરણ-૧૦ પાસ છે. અગાઉ તમિલનાડુમાં કમ્પાઉન્ડર તરીકે અઢી વર્ષ નોકરી કર્યા બાદ તે છેલ્લા એક વર્ષથી વરેલીમાં ગેરકાયદે રીતે ક્લિનિક ચલાવી



ઈલ્યાસ શેખ

લોકોના જીવ જોખમમાં મુકતો હતો.

તેની પાસે કોઈ માન્ય ડિગ્રી કે રજિસ્ટ્રેશન ન હતું. દરોડા દરમિયાન પોલીસે એલોપેથીક દવાઓ, ઈન્જેક્શન, સિરિંજ, સ્ટેથોસ્કોપ અને બીપી મશીન મળી કુલ ૧૫,૧૧૪નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૫ તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



### આદિવાસીઓના હકો બાબતે તાપી કલેક્ટરને લેખિત રજૂઆત

વ્યારા: તાપીમાં આદિવાસી એકતા મંચ દ્વારા મુખ્યમંત્રી અને રાજ્યપાલને સંબોધીને કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આગામી ૧૩ સપ્ટેમ્બરે વિશ્વ આદિવાસી અધિકાર દિવસ નિમિત્તે આદિવાસી સમાજને બંધારણીય હક્કો સંપૂર્ણપણે લાગુ કરવાની માંગ કરવામાં આવી છે. મુખ્ય માંગણીઓમાં પાંચમી અનુસૂચિનો અમલ, વસતી ગણતરીમાં અલગ ધર્મ કોડ, પેસા એક્ટ (PESA) મુજબ ગ્રામસભાની મંજૂરી બાદ જ સરકારી પ્રોજેક્ટ્સ શરૂ કરવા, જમીન સંરક્ષણ નિગમ ખાતું ફરી શરૂ કરવું અને જંગલ જમીનની સનદ આપવાનો સમાવેશ થાય છે. ઉપરાંત ખેડૂતોનું દેવું માફ કરવા અને સુમુલ ડેરીમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવા રજૂઆત કરાઈ છે.

## કામરેજ સુગરના અશ્વિન પટેલ પ્રમુખ અને છાયાબેન ગોહિલ ઉપપ્રમુખ બન્યાં

**અમિત** પટેલની ઉપપ્રમુખ તરીકેની વરણી ન થતાં સમર્થકોમાં ભારે રોષ જોવા મળ્યો


વિશાલ પટેલ

કામરેજ: કામરેજ સુગરમાં પ્રમુખ તરીકે અશ્વિન પટેલ અને ઉપપ્રમુખ પદ માટે છાયાબેન ગોહિલની વરણી કરાઈ હતી.

કામરેજ સુગરની ચૂંટણીમાં વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલ(દાઢી)ની પેનલ બહુમતી સાથે વિજેતા થઈ હતી. શુક્રવારે કામરેજ પ્રાંત વાય.જી.જાડેજાની અધ્યક્ષતામાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી સંસ્થાના સભાખંડમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત હેઠળ યોજાઈ હતી, જેમાં ભાજપના જિલ્લા ઉપપ્રમુખ અનિલ શાહ અને મંત્રી પરેશ ઈટાલીયા પ્રમુખ તરીકે અશ્વિન પટેલ(દાઢી) અને ઉપપ્રમુખ તરીકે છાયાબેન ગોહિલનો મેન્ડેટ લઈને આવ્યા હતા. બાદમાં પ્રમુખ પદમાં અશ્વિન પટેલની દરખાસ્ત યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા અને ટેકો અફઝલ હબીબખા પઠાણે આપ્યો હતો. જ્યારે ઉપપ્રમુખ પદે છાયાબેન મહિપાલસિંહ ગોહિલની દરખાસ્ત હેમંત મંગુભાઈ પટેલે મૂકી અને ટેકો દિનેશ રમણભાઈ પટેલે આપ્યો હતો. વરણી બાદ યોજાયેલી બોર્ડ મિટિંગમાં અમિત ભગવતીભાઈ પટેલ (ભારૂંડી)ની માનદ મંત્રી પદ અંગે ચર્ચા કરવામાં આવતાં એજન્ડા પર ન હોય તેમજ અમિત પટેલના ટેકેદારો ઉપપ્રમુખની જગ્યાએ માનદ મંત્રીનું પદ આપતાં ઉશ્કેરાયા હોવાથી માનદ મંત્રી પદ સ્વીકાર્યું ન હતું અને માત્ર ડિરેક્ટર પદ રહેશે એવું જણાવ્યું હતું. વધુમાં કામરેજ સુગરના પ્રમુખ અશ્વિન પટેલના ક્ષત્રિય સમાજ વિશે થયેલા વિવાદના લઈ ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ત્યારે ક્ષત્રિય સમાજના મહિલા ઉપપ્રમુખની નિમણૂક કરવામાં આવી છે. જે સુગરમાં પ્રથમવાર બન્યું છે. અહીં એક વાત એવી પણ છે કે ક્ષત્રિય સમાજના જયેન્દ્રસિંહ દેવધરા તેમજ રણધીરસિંહ ચૌહાણ છેલ્લી ત્રણ ટર્મથી વિજેતા થયા હોય અને સિનિયર ડિરેક્ટર હોવા છતાં પણ મહિલાને ઉપપ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હોય એ ચર્ચાએ પણ ભારે જોર પકડ્યું હતું. અમિત પટેલના સમર્થકોને આશા હતી કે ઉપપ્રમુખ પદ મળે, પરંતુ માનદ મંત્રી પદ આપતાં અશ્વિન પટેલ સામે ભારે રોષ જોવા મળ્યો હતો.

### આમોદ પશુ દવાખાનાનું બિલ્ડિંગ જર્જરિત

ભરૂચ: આમોદના સરકારી પશુ દવાખાનાનું બિલ્ડિંગ જર્જરિત હાલતમાં પડેલું હોવાથી દુર્ઘટના બનવાની ભીતિ દેખાઈ રહી છે. ખાસ કરીને ડોક્ટર ચેમ્બર ઉપરથી પોપડા લટકતા હોવા મળે છે, જેના કારણે પશુ ડોક્ટર, કર્મચારીઓ અને સારવાર લેવા આવતા પશુપાલકોની સલામતી પર પ્રશ્નાર્થ ઊભો થયો છે. જો કોઈ વ્યક્તિ ડોક્ટર ચેમ્બર તરફ જતો હોય અને તેના માથા પર પોપડો પડે તો અચાનક દુર્ઘટના બનવાની દહેશત દેખાઈ રહી છે. આ કચેરી જર્જરિત હાલતમાં પડેલી હોવાથી જો ભવિષ્યમાં સમયસર મરામત ન કરવામાં આવે તો મોટી અનિચ્છનીય ઘટના બની શકે છે.

## બારડોલી સુગરમાં આજે પ્રમુખ-ઉપપ્રમુખની વરણી થશે

**રાજકીય** પક્ષો પાછલા બારણે મેન્ડેટ લાવવા પ્રયાસ કરશે તો સભાસદો વિરોધ કરવાના મૂડમાં

બારડોલી: દક્ષિણ ગુજરાતની પ્રતિષ્ઠિત બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણી સંપન્ન થયાના ૨૪ દિવસ બાદ, 12મી સપ્ટેમ્બર શનિવારે બોર્ડ રૂમમાં પ્રથમ વ્યવસ્થાપક સમિતિની બેઠક યોજાવા જઈ રહી છે. આ બેઠકમાં સંસ્થાના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવશે. એક તરફ વિજેતા પેનલ લોકશાહી ઢબે વરણી કરવા કટિબદ્ધ છે, તો બીજી તરફ જો અચાનક કોઈ રાજકીય પક્ષ દ્વારા મેન્ડેટ થોપવામાં આવશે તો સભાસદોએ ઉગ્ર વિરોધ નોંધાવવાની તૈયારી દર્શાવી છે.

તાજેતરમાં કામરેજ અને સાયણ સુગર મિલોમાં પણ ચૂંટણીઓ યોજાઈ હતી. પરંતુ ત્યાંના ચુંટાયેલા નેતાઓએ સત્તાધારી પક્ષના શરણે જઈને મેન્ડેટ મુજબ પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરી હતી. સહકારી માળખામાં આ પ્રકારના સીધા રાજકીય હસ્તક્ષેપથી સ્થાનિક સભાસદોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતો સ્પષ્ટપણે માની રહ્યા છે કે તેમના જ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ લોકશાહી મૂલ્યોને નેવે મૂકીને તેમની સાથે મોટો અન્યાય કર્યો છે. અન્ય સુગર મિલોથી તદ્દન વિપરીત, બારડોલી સુગર મિલમાં ચિત્ર અલગ છે. અહીં વિજેતા બનેલી કિસાન પરિવર્તન પેનલના પ્રતિનિધિઓએ પોતાના સભાસદોને ચૂંટણી સમયે આપેલું વચન પાળી બતાવ્યું છે. શનિવારે મળનારી બેઠકમાં, ચુંટાયેલા તમામ ૧૫ પ્રતિનિધિ કોઈપણ પ્રકારના મેન્ડેટ કે રાજકીય દબાણ વિના, સંપૂર્ણ લોકશાહી પદ્ધતિથી પોતાના નેતા નક્કી કરશે તેવો દ્રઢ નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

સહકારી ક્ષેત્રમાં વધી રહેલી દખલગીરીને લઈને હવે ખેડૂતો જાગૃત થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જો શનિવારની બેઠકમાં કોઈપણ રાજકીય પક્ષ દ્વારા પાછલા બારણેથી મેન્ડેટ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે, તો બારડોલી સુગર ફેક્ટરીના સભાસદો તેનો સખત અને ઉગ્ર વિરોધ કરવાના સંપૂર્ણ મૂડમાં છે. સભાસદો ઈચ્છી રહ્યા છે કે સંસ્થાનો વહીવટ માત્ર ને માત્ર ખેડૂતોના હિતમાં અને તેમની મરજી મુજબ જ ચાલે.

### હરિપુરામાં જુગાર રમતી મહિલા સહિત ૫ ઝડપાયાં

પલસાણા: કડોદરા જીઆઈડીસી પોલીસે હરિપુરાના ખોડિયાર માતા મંદિરની પાછળ બાવળના ઝાડ નીચે જુગારની બાતમીના આધારે રેડ કરી હતી, જેમાં પાંચ જુગાર રમતા ઝડપાઈ ગયાં હતાં.

પકડાયેલાં આરોપીઓમાં મનુ ડુંગરીયા (રહે., શાંતિપેલેસ વરેલી, તા.પલસાણા, મૂળ રહે., લાઠી, અમરેલી), વિશાલ રાઠોડ (રહે., નવો હળપતિવાસ, હરિપુરા, તા.પલસાણા), ભૂપત પરમાર (રહે.,ગીતગોવિંદ સોસાયટી, વરેલી, મૂળ રહે.,બોટાદ), ભરત આધરોજીયા (રહે., હરિપુરા, તા.પલસાણા, મૂળ રહે.,મોરબી) અને સીતાબેન મનોજભાઈ આમેણીયા (રહે., છત્રાલા કોમ્પ્લેક્સ, કડોદરા, મૂળ રહે., મોરબી) હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારના દાવ પર મુકાયેલા રોકડા રૂ.૧૨,૦૦૦ તથા અંગજડતીના અલગ-અલગ દરની નોટો મળીને રૂ.૩,૯૦૦ એમ કુલ રૂ.૧૫,૯૦૦ની રોકડ રકમ અને ૫૨ ગંજીપાનાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.


DGVCL | દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
પાંડેસરા વિભાગીય કચેરી
બાટલીબોય કંપનીની સામે, ઉધના-નવસારી રોડ,
પાંડેસરા, સુરત-૩૯૫૦૨૩

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબસ્ટેશનમાં તથા ફીડરો માં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ સ્ટેશન માં વીજપ્રવાહ બંધ રહેશે

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૬૬ કેવી પાંડેસરા-બી | ૨૨ કેવી જય હનુમાન | પાંડેસરા | ૧૯૧૨૩ | ૧૪.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |
| 2 | ૬૬ કેવી ગોડાદરા ૨ | ૨૨ કેવી પર્વત | ગોડાદરા | ૧૯૧૨૩ | ૧૫.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૪:30 |
| 3 | ૬૬ કેવી દેલાડવા | ૧૧ કેવી સાઈ | ડીંડોલી | ૧૯૧૨૩ | ૧૭.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૪:30 |
| 4 | ૬૬ કેવી પાંડેસરા-બી | ૨૨ કેવી તિરુપતિ | પાંડેસરા | ૧૯૧૨૩ | ૧૮.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |

કાર્યપાલક ઈજનેર
દ.ગુ.કં.લી.પાંડેસરા વિભાગીય કચેરી

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.



ગુજરાત રાજ્ય
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
દમણગંગા નહેર સંશોધન વિભાગ વલસાડ

જાહેર નિવિદા નં.૦૯ સને ૨૦૨૬-૨૭ ઓન-લાઇન ઇ-ટેન્ડર કાર્યપાલક ઇજનેર, દમણગંગા નહેર સંશોધન વિભાગ, વલસાડ તરફથી જાહેર બાંધકામ વિભાગ હેઠળના "ઈ-૧" વર્ગ તથા તેની ઉપરની શ્રેણીમાં સીવીલ વર્ક માટે રજીસ્ટ્રેશન ધરાવતા ઇજારદારશ્રીઓ પાસેથી નીચે મુજબના વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના કામોને માટે સ્ટાન્ડર્ડ બીડ ડોક્યુમેન્ટમાં ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.
(૧) ઓપરેશન મેઇન્ટેનન્સ એન્ડ રીપેર્સ ઓફ ઓલ સિવિલ, ઇલેક્ટ્રીકલ, ઇલેક્ટ્રોનીક એન્ડ મેકેનિકલ વર્કસ વાલ્વસ, સિવિલ સ્ટ્રકચર્સ એન્ડ ઇન્ક્લુડીંગ પ્રોપર સ્પલાય ઓફ વોટર ટુ ઓલ આઉટલેટ્સ એટ એમ.ડી.સી.રીક્વાયર્ડ કર્માંગ અન્ડર ચિંચાઇ લિફ્ટ ઇરીગેશન સ્કીમ તા.જી.વલસાડ વર્ષ-૨૦૨૬-૨૭ અંદાજિત કિંમત- રૂ.૪૩.૭૧ લાખ
(૨) ટેન્ડર ઓન લાઇન સબમીશન તા.૨૪/૦૯/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી કરી શકાશે.
(૩) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:- ૨૫/૦૯/૨૦૨૬ સમય-૧૨.૦૦ કલાક
(૪) ડીટેઇલ ટેન્ડર નોટીસમાં જણાવેલ ડોક્યુમેન્ટ ઓનલાઇન અને ફીઝીકલ સબમીશન કરવાનાં રહેશે. ફીઝીકલ ડોક્યુમેન્ટ રજિ.પો.એ.ડી./સ્પીડપોસ્ટ મારફત તા.૦૧/૧૦/૨૦૨૬ સમયે ૧૮.૦૦ કલાક સુધીમાં સબમીશન કરવાના રહેશે. ડીટેઇલ ટેન્ડર નોટીસમાં જણાવેલ ડોક્યુમેન્ટ પૈકી કોઇ પણ ડોક્યુમેન્ટ રજુ કરેલ ન હશે તે એજન્સીનું ટેન્ડર માન્ય ગણવામાં આવશે નહી.
(૫) નામ અને સરનામું-
(૧) અધિક્ષક ઇજનેરશ્રીનું સરનામું
અધિક્ષક ઇજનેરશ્રી, દમણગંગા યોજના વર્તુળ,
દમણગંગા ભવન, બીજો માળ, તા. જિ. વલસાડ
(૨) કા.ઇ.શ્રીનું સરનામું:-
કાર્યપાલક ઇજનેરશ્રી, દમણગંગા નહેર સંશોધન વિભાગ, વલસાડ.
દમણગંગા ભવન બીજો માળ, તા.જી.વલસાડ, ફોન નં.(૦૨૬૩૨) ૨૫૪૫૦૩
(૬) કામની વિગતવાર નોટીસ વેબસાઇટ https://tender.nprocure.com અને કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલ્બ્ધ રહેશે.
ન. માહિતી/વલસાડ/૩૮૫/૨૦૨૬



ઉમરગામ નગરપાલિકા
ટેન્ડર નોટીશ

ઉમરગામ નગરપાલિકા દ્વારા નીચેના કામો માટે ઓન લાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતો www.tender.nprocure.com તા. ૧૪-૦૯-૨૦૨૬ના રોજ થી તા.૨૨-૦૯-૨૦૨૬ ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભરી શકાશે.

| અ.નં. | કામનું નામ | (૧) અંદાજીત ખર્ચ (૨) ઈ.એમ.ડી. (૩) ટેન્ડર ફી (૪) ક્લાસ (૫) ગ્રાન્ટ નો હેડ |
|---|---|---|
| ૧ | (૧) વોર્ડ નં. ૩ માં કાકરીયામોરા મેઇન રોડ થી ESR ને જોડતા ડામર રોડ બનાવવાનું કામ, (૨) વોર્ડ નં.૩ માં ઉમરગામ નગરપાલિકા વિસ્તાર કાકરીયામોરા ઇન્ટરનલ ડામર રોડ બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન) | ૨૦,૯૪,૧૦૬.૦૦<br>૨૧,૦૦૦.૦૦<br>૨,૪૦૦.૦૦<br>"ડી" ક્લાસ અને તેના ઉપરની શ્રેણી<br>૧૫% વિવેકાધીન જોગવાઈ-૨૦૨૬-૨૭ |
| ૨ | ઉમરગામ નગરપાલિકામાં રોડ રીસર્ફેસીંગના વાર્ષિક (ત્રીજો પ્રયત્ન) | ૬૦,૦૦,૦૦૦.૦૦<br>૫૦,૦૦૦.૦૦<br>૨,૪૦૦.૦૦<br>"ડી" ક્લાસ અને તેના ઉપરની શ્રેણી<br>રોડ-રીસર્ફેસીંગ ગ્રાન્ટ/ વાર્ષિક ભાવ |

નોંધ :- બાનાની રકમ તથા ટેન્ડર ફીનો ડી.ડી. અને જરૂરી ડોક્યુમેન્ટ તા.૨૮-૦૯-૨૦૨૬નાં રોજ બપોરે ૧૬:૦૦ કલાક સુધીમાં નગરપાલિકા કચેરીએ રજી.પોસ્ટ એડી/કુરીયર થી પહોંચતા કરવાના રહેશે. તેમજ સ્કેન કોપી ટેન્ડર સાથે અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ઓપન કરવાની (સંભવિત) તા.૨૯-૦૯-૨૦૨૬ના રોજ ૧૬:૦૦ કલાક રહેશે. ટેન્ડરનાં તમામ હક્કો નગરપાલિકાને અબાધિત રહેશે.
નોંધ :- ઠેકેદારે પોતાનો ઈ.પી.એફ. નંબર ફરજીયાત લખવાનો રહેશે. જેની નકલ ડોક્યુમેન્ટ સાથે જોડવાની રહેશે. સરકારશ્રીનાં નિયમ મુજબ જી.એસ.ટી. લાગું પડશે.

ગૌરવભાઈ સી. કોન્ટ્રાક્ટર, કારોબારી ચેરમેન, ઉમરગામ નગરપાલિકા | ખુશ્બુબેન એસ. જાદવ, પ્રમુખ, ઉમરગામ નગરપાલિકા | એ.એચ. સિન્હા, ચીફ ઓફીસર, ઉમરગામ નગરપાલિકા
ન. માહિતી/વલસાડ/૩૮૮/૨૦૨૬



નવસારી મહાનગરપાલિકા
E.Tender Notice No. 17 of 2026-2027
Azadi Ka Amrit Mahotsav

નવસારી મહાનગરપાલિકા દ્વારા નીચે જણાવેલ કામો માટે રસ ધરાવતા ઈજારદારશ્રીઓ તરફથી ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજો વેબ સાઈટ https://tender.nprocure.com ઉપર તા. ૧૪.૦૯.૨૦૨૬ થી તા. ૨૪.૦૯.૨૦૨૬ સુધી ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ તા. ૨૪.૦૯.૨૦૨૬ સુધી ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડર માટેની ઈ.એમ.ડી., ટેન્ડર ફી તથા જરૂરી સાધનીક કાગળો તા. ૨૯.૦૯.૨૦૨૬ સુધીમાં મહાનગરપાલિકા કચેરીએ સ્પીડપોસ્ટ અથવા રજીસ્ટર એ.ડી.થી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા મહાનગરપાલિકાની રહેશે.

| અ.નં | કામનું નામ | |
|---|---|---|
| ૧ | નવસારી મહાનગરપાલિકાના વિસ્તારમાં બસ સંચાલન માટે સર્વિસ બિઝનેસ પ્લાન, ઈન્ટિગ્રેટેડ પાર્કિંગ પ્લાન અને સ્ટ્રીટ વેન્ડિંગ પોલિસી સહિત Comprehensive Mobility Plan (CMP) તૈયાર કરવાની કામગીરી | ૧) ટેન્ડર ફી - રૂ. ૧૫૦૦/-<br>૨) ઈ.એમ.ડી. - રૂ. ૧,૦૦,૦૦૦/- |

---/SD/---
કમિશનર
નવસારી મહાનગરપાલિકા
માહિતી/નવસારી/303 /૨૦૨૬